# વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

ડૉ. પી.પી.પટેલ ☎: ૦૨૬૯૨-૨૬૨૩૧૬

વિસ્તરણ શિક્ષણ નિયામક ફેક્સ: ૦૨૬૯૨-૨૬૨૩૧૭ E.mail: dee@aau.in

### આભાર દર્શન

દર વર્ષની જેમ આ વર્ષે પણ અગિયારમો કૃષિ મહોત્સવ-૨૦૧૫ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા તા.૨૨/૦૪/૨૦૧૪ થી તા. ૧૧/૦૫/૨૦૧૫ દરમિયાન ઉજવવામાં આવ્યો. આ કૃષિ મહોત્સવને અસરકારક તથા સફળતા પૂર્વક રીતે પાર પાડવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ/વૈજ્ઞાનિકશ્રીઓએ તેમજ લુણાવાડા, જિ. મહીસાગર ખાતેના મેગા ઇવેંટમાં વિવિધ સમિતિઓના સભ્યશ્રીઓએ સહકાર આપ્યો છે તે બદલ સૌને અભિનંદન પાઠવું છું અને તે સૌનો હ્રદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. વિશેષમાં ખાસ કરીને આ સમય દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના નવ જિલ્લાઓમાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ અન્વયે ધોમધખતા તાપમાં જિલ્લા પંચાયતની સીટ પ્રમાણે સેમિનાર અને એક્ઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો, તાલુકા અને જિલ્લા નોડલ વૈજ્ઞાનિકોએ ખૂબ સુંદર ઉમદા કામગીરી બજાવી કાર્યક્રમને સફળતા પૂર્વક પાર પાડયો છે અને ખેડૂતોને માર્ગદર્શન આપેલ છે તે બદલ સૌને ધન્યવાદ પાઠવી આભારની લાગણી વ્યકત કરૂં છું.

વધુંમાં માન. કુલપતિશ્રીએ પણ આપ સૌને આ કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન પાઠવેલ છે.

આશા છે કે ભવિષ્યમાં સરકાર ધ્વારા યોજાનાર કૃષિ મહોત્સવ તેમજ યુનિવર્સિટીના અન્ય વિસ્તરણ કાર્યક્રમમાં પણ આપ સૌનો જરૂરી સાથ સહકાર મળી રહેશે તેવી અભ્યર્થના.

વિસ્તરણ શિક્ષણ નિયામક ૧૨/૫/૧૫

જા.નં.આકૃયુ/વિશિનિ/કૃ.મ.૨૦૧૫/ ૪૦૦ /૨૦૧૫

તા. ૧૨/૦૫/૨૦૧૫

સ્થળ: આણંદ.

નકલ સવિનય રવાના:

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૨. સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ

૩. યુનિવર્સિટી ઓફીસર્સ, યુનિટ હેડ/સબ યુનિટ હેડ (તમામ) તરફ કૃષિ મહોત્સવ સાથે સંકળાયેલ આપના વિભાગના તમામ કર્મચારીઓ/અધિકારીઓને જાણ થવા તથા દરેકને અમારો આભાર દર્શન જણાવવા વિનંતી છે.

૪. વિસ્તરણ શિક્ષાણ નિયામકશ્રીની કચેરીના તમામ કર્મચારી/અધિકારીશ્રીઓ